RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ-૦૬ અંક- ૨૮ (સુરત) તા.૧૪/૦૪/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-28 SURAT DATE-14/04/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 રાજયમાં કાળઝાળ ગરમીની આગાહી, ૪૨ ડિગ્રીએ પહોચશે પારો

2 શી ટીમે દ્વારા સરાહનીય કામગીરી:પોલીસની શી ટીમે ઘરેલુ હિંસાનો ભોગ બનેલી ૨૨૫ મહિલાનું કાઉન્સેલિંગ કર્યું

3 માંગરોળ તાલુકા પંચાયત સીટ માટે ૭૭ ઉમેદવારી ફોર્મ મંજુર તેમજ સુરત જિલ્લા પંચાયત સીટ માટે ૧૫ ફોર્મ મંજુર

3 સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ

## એસઆઇઆર હેઠળ ૧૨ રાજયોમાં કુલ ૫.૨ કરોડ નામ હટાવાયા



નવી દિલ્હી: ભારતીય ચૂંટણી પંચે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) અભિયાન હેઠળ દેશનાં ૧૨ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની મતદાર યાદીમાંથી લગભગ ૫.૨ કરોડ અયોગ્ય મતદારોનાં નામ હટાવી દીધા છે. હટાવવામાં આવેલા મતદારોની સંખ્યા કુલ મતદારોનાં ૧૦.૨ ટકા છે.

ચૂંટણી પંચનાં જણાવ્યા અનુસાર આ અભિયાન મતદાર યાદીને નિયમિત કરવાના ઉદ્દેશથી ચલાવવામા આવ્યું હતું. જેમાં ગેરહાજર, ટ્રાન્સફર, મૃત્યુ, ડબલ રજિસ્ટ્રેશન અને અન્ય અયોગ્ય મતદારોનાં નામ હટાવવામાં આવ્યા છે. જેથી નકલી મતદાનનો અવકાશ સમાપ્ત થઇ જાય.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે એસઆઇઆરનો પ્રથમ તબક્કો બિહારમાં શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને તમિલનાડુ જેવા ૧૧ રાજયો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં એસઆઇઆર અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

અભિયાન દરમિયાન કુલ ૫૧ કરોડ મતદારોની તપાસ કરવામાં આવી હતી. જે પછી ૧૦.૨ ટકા નામ ગેરહાજર, મૃત્યુ કે ડબલ હોવાનાં કારણે દૂર કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચે આ પગલું મતદાર યાદીને શુદ્ધ અને સચોટ બનાવવાનાં ઉદ્દેશથી ભર્યુ છે. આ પ્રક્રિયામાં અંદમાન-નિકોબારથી લઇને કેરળ સુધી ચૂંટણી ડેટાની તપાસ કરવામાં આવી હતી અને લાખો નવા નામ પણ જોડવામાં આવ્યા હતાં. આંકડાઓ અનુસાર અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહમાં સૌથી વધારે ૧૬.૬ ટકા નામ દૂર કરવામાં આવ્યા છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશમાં ૧૩.૨ ટકા અને ગુજરાતમાં ૧૩.૧ ટકા નામ દૂર કરવામાં આવ્યા હતાં. છત્તીસગઢમાં ૧૧.૩ ટકા નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. બંગાળમાં આ ટકાવારી ૧૦.૯ ટકા રહી છે. બંગાળમાં જ્યુડિશિયલ પ્રક્રિયા હેઠળ ૨૭ લાખ નામ દૂર કરવામાં આવ્યા છે. આ રાજયોમાં મોટી સંખ્યામાં એવા લોકો હતાં જે સ્થાયી ધોરણે ટ્રાન્સફર થઇ ગયા હતાં અને અથવા મૃત્યુ પામ્યા હતાં. ચૂંટણી પંચે નામ હટાવવાની સાથે ૨ કરોડ નવા નામો મતદાર યાદીમાં સામેલ પણ કર્યા છે. જેમાં ઉત્તર પ્રદેશ ૯૨.૪ લાખ નવા મતદારો સાથે પ્રથમ સ્થાને છે. ઉત્તર પ્રદેશ પછી તમિલનાડુમાં ૩૫ લાખ, કેરળમાં ૨૦.૪ લાખ અને રાજસ્થાનમાં ૧૫.૪ લાખ નવા નામ સામેલ કરવામાં આવ્યા છે. મધ્ય પ્રદેશમાં ૧૨.૯ લાખ અને ગુજરાતમાં ૧૨ લાખથી વધારે નવા મતદારોનાં નામ સામેલ કરવામાં આવ્યા છે.

## મહારાષ્ટ્રના થાણેમાં સિમેન્ટ મિક્સર અને કાર વચ્ચે ભીષણ ટક્કરમાં ૯ લોકોના કરૂણ મોત




મહારાષ્ટ્રના ઠાણે જિલ્લામાં આજે સોમવારે સવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો છે. મુરબાડ વિસ્તારમાં સિમેન્ટ મિક્સર અને વાન વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં ૯ લોકોએ જીવ ગુમાવ્યા છે, જયારે ૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે વાનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

મળતી માહિતી મુજબ, આ ઘટના સવારે અંદાજે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ મુરબાડના ગોવિલી ગામમાં આવેલા રૈતા પુલ પર બની હતી. એક વાન અને સામેની દિશામાંથી પૂરપાટ ઝડપે આવી રહેલા સિમેન્ટ મિક્સર વચ્ચે સીધી ટક્કર થઇ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે વાનમાં સવાર ૯ મુસાફરોએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ, બચાવ દળ અને તબીબી ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા ૩ લોકોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત રૈતા પુલ પર થયો હોવાથી ત્યાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને હટાવીને ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. સ્થાનિક પોલીસ હાલમાં આ મામલે વધુ તપાસ કરી રહી છે અને મૃતકોની ઓળખ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## 3 જુલાઈથી અમરનાથ યાત્રા: RFID કાર્ડથી લઈને વીમા સુધી અનેક બદલાવ, જાણો રજિસ્ટ્રેશનની પ્રક્રિયા


ફાઈલ તસવીર

જમ્મુ-કાશ્મીરના ઉપરાજયપાલ મનોજ સિન્હાની અધ્યક્ષતામાં મળેલી બોર્ડની બેઠકમાં અમરનાથ યાત્રાને લઈને અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. બેઠક બાદ માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે, આ વર્ષે યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈને ૨૮ ઓગસ્ટ સુધી ચાલશે. કુલ ૫૭ દિવસ સુધી ચાલનારી આ પવિત્ર યાત્રા માટે નોંધણીની પ્રક્રિયા ૧૫ એપ્રિલથી શરૂ થશે. વહીવટીતંત્ર મુજબ આ વખતે શ્રદ્ધાળુઓની સંખ્યામાં લગભગ ૨૫ ટકાનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

યાત્રાનો લાભ લેવા શ્રદ્ધાળુઓની લઘુત્તમ વય ૧૩ વર્ષ અને મહત્તમ વય ૭૦ વર્ષ નક્કી કરવામાં આવી છે. યાત્રીઓની સુવિધા માટે ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે નોંધણીની વ્યવસ્થા કરવામાં આવી છે. PNB, SBI, યસ બેંક અને જમ્મુ-કાશ્મીર બેંકની દેશભરમાં આવેલી ૫૫૪ શાખાઓ પર ઓફલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે. આ ઉપરાંત, ઓનલાઈન રજિસ્ટ્રેશનની સુવિધા શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ અને મોબાઈલ એપ પર ઉપલબ્ધ રહેશે. યાત્રાને વધુ સુરક્ષિત અને વ્યવસ્થિત બનાવવા માટે આ વખતે RFID કાર્ડ જેવી નવી સુવિધાઓ શરૂ કરવામાં આવી છે.

## દેશના ૧૬૬ મોટા જળાશયોમાં પાણી ઘટ્યું, કાળઝાળ ગરમી વચ્ચે કેન્દ્રીય જળ પંચનો રિપોર્ટ



ભારે ગરમી વચ્ચે પાણી અંગે એક ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. દેશના ૧૬૬ મોટા જળાશયોમાં પાણીનું સ્તર બહુ જ ઝડપથી નીચે આવી રહ્યું છે. કેન્દ્રીય જળ આયોગ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના રિપોર્ટમાં આ ખુલાસો કરાયો છે. જે મુજબ આ જળાશયોમાં કુલ સ્ટોરેજ ઘટીને ૮૨ અબજ ઘન મીટર રહી ગયું છે. જે કુલ ક્ષમતાના માત્ર ૪૪.૭૧ ટકા છે. ઘટાડામાં પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, હિમાચલ, ગુજરાત, મધ્ય પ્રદેશ સહિતના રાજયોના જળાશયો સામેલ

આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ફેબ્રુઆરી મહિના બાદથી જ જળાશયોનું પાણી બહુ જ તેજીથી ઘટી રહ્યું છે. બે મહિનામાં જ તેમાં ૨૨ ટકાનો ઘટાડો નોંધાયો છે. એવામાં હવે ગરમીની સીઝનમાં જળ સંકટ વધી શકે છે. મોટાભાગના નદી બેસિન હવે ૩૦ ટકાથી ૬૦ ટકાની ક્ષમતા સુધી રહ્યા છે. બિહારનો ચંદન ડેમ પુરી રીતે સુકાઇ ગયો છે. પંચનું કહેવું છે કે સ્થિતિ ગયા વર્ષ અને ૧૦ વર્ષના સરેરાશથી સારી છે, પરંતુ પાણીનું સ્તર જે ઝડપથી ઘટી રહ્યું છે તે ચિંતાજનક છે.

આસામનું ખાંગોડ ૨૮ ટકા, કર્ણાટકનું તાતિહલ્લા ૧૬ ટકા, કેરળનું પેરિયાર ૩૩ ટકા, તમિલનાડુનું શોલાયર ૧૩ ટકા, બંગાળનું કાંગ્સાબાતી ૩૪ ટકા રહ્યું છે. આ ઉપરાંત તાપી નદીના તટપ્રદેશમાં પાણીમાં ૬૦ ટકા, ગંગા નદીમાં ૫૩ ટકા, નર્મદા નદીમાં ૪૬ ટકા, કાવેરીમાં ૪૨ ટકા, કૃષ્ણા નદીમાં ૩૧ ટકાનો ઘટાડો નોંધાયો છે.

## નોઈડામાં પગાર વધારા મુદ્દે બબાલ: ખાનગી કંપનીના કર્મીઓએ વાહનો ફૂંકી માર્યા



હરિયાણાના ગુરુગ્રામ બાદ હવે ઉત્તર પ્રદેશના નોઈડામાં પગાર વધારાની માંગણીને લઈને કર્મચારીઓએ ઉગ્ર પ્રદર્શન કર્યું છે. નોઈડાના ફેઝ-૨ વિસ્તારમાં આવેલી એક ખાનગી કંપનીના કર્મચારીઓએ રસ્તા પર ઉતરી આવી તોડફોડ અને આગજની કરતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થિતિને કાબૂમાં લેવા પોલીસને આસુ ગેસના ગોળા છોડવાની અને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.

મળતી વિગતો મુજબ, નોઈડા ફેઝ-૨ માં સ્થિત 'મધરસન' કંપનીના કર્મચારીઓ પગાર વધારા સહિતની વિવિધ માંગણીઓ માટે વિરોધ કરી રહ્યા હતા. સોમવારે સવારે હજારોની સંખ્યામાં કર્મચારીઓ કંપનીના ગેટ પાસે એકઠા થયા હતા. શરૂઆતમાં શાંતિપૂર્ણ લાગતું આ પ્રદર્શન અચાનક હિંસક બની ગયું હતું. ઉશ્કેરાયેલા ટોળાએ કંપનીની આસપાસ પાર્ક કરેલા અનેક વાહનોમાં તોડફોડ કરી હતી અને કેટલાક વાહનોને આગને હવાલે કરી દીધા હતા.

પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો, પરંતુ હિંસક ભીડે પોલીસ પર પણ પથ્થરમારો શરૂ કર્યો હતો. પ્રદર્શનકારીઓને વિખેરવા માટે પોલીસે બળપ્રયોગ કરવો પડ્યો હતો. પોલીસે લાઠીચાર્જ કરીને અને ટીયર ગેસના ગોળા છોડીને ભીડને પાછળ ધકેલી હતી. હાલમાં આ વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સ્થિતિ કાબૂ હેઠળ હોવાનું જણાવાઈ રહ્યું છે.

## દિલ્હીમાં પેટ્રોલવાળી સ્કૂટી-બાઈકના વેચાણ પર પ્રતિબંધ, EV વાહનો માટે સરકારની મોટી જાહેરાત



દિલ્હી સરકારે તેની ઇલેક્ટ્રિક વ્હીકલ નીતિ ૨૦૨૬-૩૦ નો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે, જેનો મુખ્ય હેતુ પ્રદૂષણ ઘટાડવાનો અને ઇલેક્ટ્રિક મોબિલિટીને પ્રોત્સાહન આપવાનો છે. આ નીતિ હેઠળ, ૧ જાન્યુઆરી ૨૦૨૭થી માત્ર ઇલેક્ટ્રિક થ્રી-વ્હીલર અને ૧ એપ્રિલ ૨૦૨૮થી માત્ર ઇલેક્ટ્રિક ટુ-વ્હીલરનું જ નવું રજિસ્ટ્રેશન કરવામાં આવશે. એટલે કે પેટ્રોલથી ચાલતા ટુ-વ્હીલરનું દિલ્હીમાં વેચાણ થઈ શકે નહીં.

પ્રદૂષણમાં વાહનોના ૨૩ ટકા ફાળાને ધ્યાનમાં રાખીને, સરકાર EV ખરીદનારાઓને સીધું નાણાકીય પ્રોત્સાહન આપશે. જેમાં ટુ-વ્હીલર પર રૂપિયા ૩૦,૦૦૦ અને ઈ-ઓટો પર રૂપિયા ૫૦,૦૦૦ સુધીની સબસિડી પ્રસ્તાવિત છે. જૂના BS-EV વાહનોને સ્ક્રેપ કરીને EV ખરીદવા પર વધારાનું બોનસ અને રૂપિયા ૩૦ લાખ સુધીની કાર પર રોડ ટેક્સમાં ૧૦૦ ટકા મુક્તિ મળશે. આ સાથે જ ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર અને બેટરી રિસાયકલિંગ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

દિલ્હી સરકારની નવી EV પોલિસીએ એગ્રીગેટર્સ અને સરકારી વિભાગો માટે કડક ધોરણો નક્કી કર્યા છે. આ નીતિ હેઠળ, ૧ જાન્યુઆરી ૨૦૨૬થી ઓલા, ઉબર અને ઝોમેટો જેવા એગ્રીગેટર્સ તેમના કાફલામાં કોઈ પણ નવા પેટ્રોલ કે ડીઝલ વાહનોનો સમાવેશ કરી શકશે નહીં. તેમને માત્ર ઇલેક્ટ્રિક વાહનો (EV) ઉમેરવાની જ મંજૂરી આપવામાં આવશે.



आज प्रजा पंख मे.....

## सुधरे, वह हम नहीं



किसने कहा हम सीधे है
हम तो जन्म से तेडे ,
सुधरे वह दूसरे
हम तो अपनी मस्ती में जीते !

लोगो की सुबह होती
हमारी रात होती,
लोग सूरज में तपते
हम रात में महकते !

सपने में खो जाना
हमारे लिये आम है,
जब हवा में किल्ले बांध सकते
हकीकत में क्यो मेहनत करते !

हम कहाँ नियम से चलते
हम तो खुद नियम बनाते,
बुरे बन हम जीते
तभी तो दूसरे अच्छे कहलाते !

जमाना बिंदास्त कहता हमे
कोई कहता कामचोर,
कोई की नज़र में झिरो हम
खुद को पर हम हीरो समझते !!

-अश्विन, अटपटा

## ભરૂચના નબીપુરમાં ચૂંટણી પૂર્વે પોલીસ ફ્લેગ માર્ચ:સંવેદનશીલ ગામોમાં કાયદો વ્યવસ્થા જાળવવા સઘન પેટ્રોલિંગ



ભરૂચ- ભરૂચ તાલુકાના નબીપુર વિસ્તારમાં આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું

## રાશીફળ

**મેષ** -આજે તમારે જમીન સંબંધિત કામોમાં રોકાણ કરવાનું ટાળવું જોઈએ અથવા રોકાણ કરતા પહેલા તમામ પાસાઓને સારી રીતે સમજી લેવા જોઈએ નહીંતર નુકસાન થવાની સંભાવના છે. આજે તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. હવામાનના કારણે પરિવારમાં કોઈનું સ્વાસ્થ્ય બગડી શકે છે.

**વૃષભ** -પરિવારના સભ્યો સાથે તાલમેલ વધશે. સંબંધોમાં ઉર્જા રહેશે. તમે મુકેલા પ્રસ્તાવોને સમર્થન મળશે. આસાનીથી આગળ વધતા રહો. આવકમાં વધારો થશે. દલીલો અને અહંકારથી દૂર રહો. સ્વાર્થ અને સંકુચિત માનસિકતા છોડી દો. '

**મિથુન**-ખાસ કરીને દેવું ટાળો. સ્વાસ્થ્ય સંબંધિત કેટલીક સમસ્યાઓ ઊભી થશે. પત્નીનું સ્વાસ્થ્ય બગડી શકે છે. વેપારી સહયોગીઓનો સાથ છોડવાથી ધનહાનિ થશે. પરિવારમાં નવા મહેમાનનું આગમન થશે.

**કર્ક** -કર્મક્ષેત્ર સંબંધી વિશિષ્ટ પરિવર્તનકારી યોજનાઓમાં ભાગ્યવૃદ્ધિનો યોગ. ધર્મ સંબંધી કાર્યોમાં રુચિ અને યાત્રાનો યોગ. ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. શત્રુથી લાભ પ્રાપ્તિનો યોગ

**સિંહ**-આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે ક્યાંક બહાર જઈ શકો છો. લાંબા સમય પછી, તમારા પરિવાર સાથે આ તમારા માટે આનંદદાયક પળો હશે. આનાથી પરિવારમાં ચાલી રહેલી દલીલોનો અંત આવશે. આજે તમને કાર્યસ્થળ પર પણ તમારા સહયોગી જીવનસાથીનો સહયોગ મળશે.

**કન્યા**-તમને તમારા કાર્યસ્થળ પર મિત્રો અને પરિવારનો સહયોગ મળશે. મુસાફરી કરતી વખતે તમારા સામાન અને પૈસાની સુરક્ષા કરો. વ્યાપારમાં લાભની તકો રહેશે. પરિવારમાં માતા-પિતાનું સ્વાસ્થ્ય બગડી શકે છે. પત્ની સાથે મતભેદ વધી શકે છે. '

**તુલા**-કાર્યક્ષેત્રે ચાલી રહેલી સમસ્યાઓ દૂર થશે. વેપારમાં આવક વધારવાના પ્રયાસો સફળ થશે. નોકરીમાં પ્રમોશનની સાથે મહત્વપૂર્ણ જવાબદારી તમને મળશે. પરિવારમાં કોઈ શુભ કાર્ય પૂર્ણ થશે.

**વૃશ્ચિક** -જે સમસ્યાઓ પહેલાથી ચાલી રહી હતી તે દૂર થશે. વ્યાપાર ક્ષેત્રે રોકાયેલા લોકો જો આયોજનબદ્ધ રીતે કામ કરશે તો લાભની શક્યતાઓ વધી જશે. નોકરીમાં પ્રમોશનની સાથે મહત્વપૂર્ણ જવાબદારી તમને મળશે. વિદ્યાર્થીઓનો અભ્યાસમાં રસ વધશે.

**ધન**-સારી આવકના કારણે સંચિત સંપત્તિમાં વધારો થશે. આવકના સ્ત્રોતો પર ધ્યાન આપવું પડશે. નાણાંના બિનજરૂરી ખર્ચથી બચો. મિલકતના સંબંધમાં તમારે ભાગવું પડી શકે છે. પારિવારિક ખર્ચાઓ વધતા રહેશે.

**મકર**-પ્રેમ સંબંધોમાં પરસ્પર તાલમેલ વધારવાની જરૂર પડશે. અન્ય લોકો દ્વારા ગેરમાર્ગે દોરાશો નહીં. વિવાહિત જીવનમાં સમસ્યાઓ વધી શકે છે. જેના કારણે વૈવાહિક સુખમાં ઘટાડો થશે. પરિવારના સભ્યો વચ્ચે બિનજરૂરી મતભેદ દૂર થઈ શકે છે.

**કુંભ**-આજે સ્વાસ્થ્ય સંબંધિત કોઈ ખાસ સમસ્યા થવાની શક્યતા ઓછી છે. સ્વાસ્થ્ય સંબંધિત નાની-મોટી પરેશાનીઓ રહેશે. શરીરના જ્ઞાનતંતુઓમાં દર્દ વગેરેથી સંબંધિત રોગોથી સાવચેત રહો. હવામાન સંબંધિત રોગોના કિસ્સામાં તાત્કાલિક સારવાર મેળવો. બિલકુલ બેદરકારી ન રાખો.

**મીન**-સ્પર્ધાત્મક પરીક્ષામાં તમને સફળતા મળશે. પરિવારમાં બિનજરૂરી દલીલથી દૂર રહો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે. સ્વાસ્થ્યમાં સુધારો થવાની સંભાવના છે. મનમાં નિરાશા અને અસંતોષ રહેશે. શાંત રહો ગુસ્સાથી બચો.

## રાજયમાં કાળઝાળ ગરમીની આગાહી, ૪૨ ડિગ્રીએ પહોચશે પારો



રાજયના ફરી એક વખત કાળઝાળ ગરમી નાગરિકોને સહન કરવી પડશે. હવામાન વિભાગ દ્વારા રાજયમાં કાળઝાળ ગરમીની આગાહી કરવામાં આવી છે. આગામી ૪૮ કલાકમાં અનેક શહેરમાં ગરમીનું જોર વધી શકે છે. તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં હિટવેવની પરિસ્થિતિ સર્જાઈ શકે છે અને તે માટે હવામાન વિભાગ દ્વારા યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજયના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો પણ નોંધાઈ શકે છે. જોકે અત્યાર સુધી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. પરંતુ હવે નવી કોઈ સિસ્ટમ ન બનતા ગરમીનો પારો વધી શકે છે. રાજયમાં છેલ્લા બે દિવસથી તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ઉનાળાએ હવે તીવ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. કમોસમી વરસાદ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર બાદ હવે ફરી એક વખત રાજયમાં કાળઝાળ ગરમી પડવાની છે. તેમજ અનેક શહેરમાં તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોચી જાય તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેથી નાગરિકોને ફરી આકરો તાપ સહન કરવો પડશે.

હવામાન વિભાગે રાજયમાં આગામી ૪૮ કલાક દરમિયાન કાળઝાળ ગરમી વધવાની આગાહી વ્યક્ત કરી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં સૌથી વધુ તાપમાન નોંધાય તેવી પણ હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. જેથી યલો એલર્ટ સાથે હિટવેવની પણ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. અન્ય શહેરમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાશે. અત્યારે રાજકોટમાં હાલમાં જ સૌથી વધુ ૪૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે અને આજે તે ૪૨ ડિગ્રી સુધી પહોચવાની શક્યતા છે. અમદાવાદમાં પણ તાપમાન ૪૦.૨ ડિગ્રી નોંધાયું છે.

## 'હા, લતા દીદી સાથે મારે કોમ્પિટિશન હતી પણ...', આશા ભોસલેએ કરી હતી દિલ ખોલીને વાત



ભારતીય સંગીતનો ઝળહળતો સિતારો આશા ભોસલે હવે આપણી વચ્ચે નથી રહ્યા. હવે માત્ર તેમની સુરીલી યાદો જ આપણી સાથે રહી છે. જો કે આશા ભોસલે અને લત્તા મંગેશકર બહેનો હતા. જો કે બહેન દિગ્ગજ ગાયક હોવા છતા આશા ભોસલેએ પોતાની મહેનતથી પોતાનું અદકેરુ સ્થાન બનાવ્યું હતું. ભારતીય સંગીત જગતમાં મંગેશકર બહેનોનું યોગદાન અમૂલ્ય છે. જોકે, દાયકાઓ સુધી એવી ચર્ચાઓ ચાલતી રહી કે, લતા મંગેશકર અને આશા ભોસલે વચ્ચે અણબનાવ છે. આશા ભોસલેએ પોતે એક ઈન્ટરવ્યુમાં આ બાબતે ખુલાસો કર્યો હતો અને જણાવ્યું હતું કે, તેમની વચ્ચે કેવી હેલ્ધી કોમ્પિટિશન હતી.

આશા ભોસલેએ એક કિસ્સો યાદ કરતા જણાવ્યું હતું કે, એકવાર એક મ્યુઝિક ડાયરેક્ટરે તેમને ફોન કરીને લતા દીદીએ ગાયેલા ગીતના વખાણ કર્યા. ત્યારે આશાએ સ્પષ્ટતા કરી કે એ ગીત લતા દીદીનું છે. તે દિવસે આશા ભોસલેને સમજાયું કે જો તેઓ પોતાની અલગ ઓળખ નહીં બનાવે, તો લતા મંગેશકરના પ્રભુત્વ વચ્ચે તેમનું અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ બનશે. આ માટે તેમણે અંગ્રેજી ફિલ્મોના મ્યુઝિક એલિમેન્ટ્સ પોતાની ગાયકીમાં ઉમેરવાનું શરૂ કર્યું.

આશા ભોસલેના જણાવ્યા મુજબ, જ્યારે બંને બહેનો સાથે રેકોર્ડિંગ કરતી ત્યારે એકબીજાની શૈલી પર બારીકાઈથી નજર રાખતી. આશા ભોસલે હંમેશા જોતા કે લતા દીદી ગીતમાં કેવો વળાંક કે ટ્વિસ્ટ લાવે છે. બંને બહેનોમાં ગીતને અનોખી રીતે રજૂ કરવાની આદત હતી, જેણે તેમની વચ્ચે એક સકારાત્મક સ્પર્ધા જન્માવી હતી. બંનેએ સાથે મળીને ૮૦ થી વધુ હિન્દી ગીતો ગાયા છે, જેમાં 'મન ક્યો બહકા' અને 'મૈ ચલી મૈ ચલી' જેવા સદાબહાર ગીતો સામેલ છે. ચર્ચાઓ મુજબ, જ્યારે આશા ભોસલેએ લતાજીના સેક્રેટરી ગણપત રાવ સાથે લગ્ન કર્યા, ત્યારે લતા મંગેશકર તેમનાથી નારાજ થયા હતા. જોકે, સમય જતાં તેમના સંબંધોમાં સુધારો થયો હતો. આશાએ હંમેશા સ્વીકાર્યું છે કે લતા દીદી તેમના માટે પ્રેરણાસ્ત્રોત રહ્યા છે.

## શી ટીમે દ્વારા સરાહનીય કામગીરી:પોલીસની શી ટીમે ઘરેલુ હિંસાનો ભોગ બનેલી ૨૨૫ મહિલાનું કાઉન્સેલિંગ કર્યું



ગાંધીનગર- ગાંધીનગર પોલીસ દ્વારા કાર્યરત શી ટીમ શહેરની મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. તાજેતરમાં શી ટીમ દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓના આંકડા પર નજર કરીએતો ખુબજ સરાહનીય કામગીરી કરી છે. ગુજરાત પોલીસની શી ટીમ અત્યારે ગાંધીનગર શહેરની મહિલાઓ, બાળકો અને વડીલો માટે સાચા અર્થમાં એક રક્ષક અને સાથીદાર સાબિત થઈ રહી છે. મહિલાઓની સુરક્ષા અને વડીલોની સેવા માટે ખાસ બનાવવામાં આવેલી આ ટીમની કામગીરીના આંકડા જોતા જ ખ્યાલ આવે છે કે તેઓ દરેક ક્ષેત્રમાં સક્રિય છે.

## તંત્રી લેખ........

### લોકશાહીમાં 'મૂલ્ય' તમારું છે, કોઈ 'કિંમત'નું નહીં: જાગૃત મતદાર જ રાષ્ટ્રનું ભાગ્ય

લોકશાહી એ માત્ર પાંચ વર્ષે એકવાર આવતો ઉત્સવ નથી, પરંતુ તે સામાન્ય માણસના હાથમાં રહેલી સર્વોચ્ચ સત્તા છે. આપણે વારંવાર કહીએ છીએ કે 'લોકો દ્વારા, લોકો માટે ચાલતું શાસન, પણ શું આપણે ખરેખર આપણા મતાધિકારની ગંભીરતાને સમજીએ છીએ? તાજેતરમાં સોશિયલ મીડિયા અને જનમાનસમાં વહેતી થયેલી કેટલીક પંક્તિઓ આપણને અંતર્મુખ થઈને વિચારવા મજબૂર કરે છે.

લોકશાહીમાં જ્યારે તમે મતદાન કરવા જાઓ છો, ત્યારે આંગળી પર લાગતું એ શાહીનું ટપકું માત્ર એક નિશાન નથી. એ તમારી શક્તિ છે, તમારી ઓળખ છે અને આવનારા પાંચ વર્ષ માટેના તમારા ભાગ્યનો દસ્તાવેજ છે. આજે નિર્ણય તમારે લેવાનો છે કે તમારે 'રાજા' પસંદ કરવો છે કે તમારો 'પ્રતિનિધિ'? રાજા હુકમ કરે છે, જ્યારે પ્રતિનિધિ તમારી જરૂરિયાતો અને પ્રશ્નોને વાચા આપે છે. તમારી એક આંગળીમાં એટલી શક્તિ છે કે તે આખા ગામ, શહેર અને દેશનું ભવિષ્ય બદલી શકે છે.

સમાજની કડવી વાસ્તવિકતા પર પ્રહાર કરતા કેટલાક તથ્યો સામે આવ્યા છે. બજારમાં એક બકરાની કિંમત ૧૫ હજાર, કૂતરાની ૧૦ હજાર, ગધેડાની ૨૫ હજાર અને ભેંસની કિંમત ૮૦ હજાર સુધી હોય છે. આ પશુઓ વેચાય છે કારણ કે તેમનું એક આર્થિક મૂલ્ય છે. પરંતુ દુઃખની વાત એ છે કે, જે માણસને ભગવાને બુદ્ધિ અને વિવેક આપ્યો છે, તે માણસ ચૂંટણી સમયે નજીવા લાલચમાં વેચાઈ જાય છે.

શું એક માણસનું મૂલ્ય પશુ કરતા પણ ઓછું છે? માત્ર એક ૨૦ રૂપિયાનું ચવાણું, દારૂની પોટલી કે ૫૦૦-૧૦૦૦ રૂપિયાની નોટ માટે પોતાનો પવિત્ર મત વેચી દેવો એ આખા રાષ્ટ્રના ભવિષ્યને વેચવા સમાન છે. જ્યારે આપણે વેચાઈએ છીએ, ત્યારે આપણે પ્રશ્ન પૂછવાનો હક ગુમાવી દઈએ છીએ.

**યુવા શક્તિ જ પરિવર્તનનું વાહક-** દેશનો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે યુવા શક્તિ જાગૃત થાય. યુવાનોએ એ સમજવાની જરૂર છે કે જો તેઓ લાલચ કે ભાવનાઓમાં વહીને મતદાન કરશે, તો તેનું નુકસાન તેમની આવનારી પેઢીને ભોગવવું પડશે.

યોગ્ય ઉમેદવારની પસંદગી એ માત્ર રાજકીય પ્રક્રિયા નથી, પણ એક નૈતિક જવાબદારી છે.

વિચારપૂર્વક મતદાન કરો. કોઈના પ્રભાવ કે લાલચમાં આવ્યા વગર એવા ઉમેદવારને પસંદ કરો જે ખરેખર તમારા વિસ્તારના અને દેશના વિકાસ માટે કટિબદ્ધ હોય. યાદ રાખો, જો આજે તમે વેચાઈ જશો, તો આવતીકાલે તમારી સમસ્યાઓ સાંભળવા કોઈ તૈયાર નહીં હોય.

'જાગો મતદાર જાગો, લોકશાહીનું માન જાળવો.'

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો ૨ દિવસીય ગુજરાત પ્રવાસ

### રાજકોટમાં AIIMS પદવીદાનથી લઈ ગાંધીનગરમાં સમરસતા મહોત્સવ સુધી મહત્વના કાર્યક્રમો



ગાંધીનગર- રાષ્ટ્રપતિના આગમનને પગલે સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવામાં આવી છે તેમજ કાર્યક્રમ સ્થળોએ વિશેષ વ્યવસ્થાઓ ગોઠવાઈ રહી છે.

આ પ્રસંગે તેઓ વિદ્યાર્થીઓને પદવી પ્રદાન કરશે અને આરોગ્ય ક્ષેત્રમાં સેવા આપવાની પ્રેરણા આપશે. AIIMS રાજકોટ માટે આ પ્રથમ કન્વોકેશન ઐતિહાસિક ગણાશે, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી, ડોક્ટર અને અધિકારીઓ હાજર રહેશે.

૧૪ એપ્રિલે, બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગરના લોક ભવન ખાતે સામાજિક સમરસતા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને સમાજમાં સમાનતા, ન્યાય અને ભાઈચારો વધારવાના સંદેશ સાથે સંબોધન કરશે.

આ પ્રસંગે વિવિધ સમાજના પ્રતિનિધિઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે. તે જ દિવસે રાષ્ટ્રપતિ ગાંધીનગર ખાતે આવેલી રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીના પાંચમા પદવીદાન સમારોહમાં પણ હાજરી આપશે. અહીં તેઓ રાષ્ટ્રીય સુરક્ષા ક્ષેત્રમાં અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરશે અને દેશસેવામાં તેમના યોગદાન માટે પ્રેરણા આપશે.

## ડેથ ઓવર્સમાં ઘાતક બોલિંગ કરતો પથિરાણા KKRમાં એન્ટ્રી કરવા તૈયાર, શ્રીલંકન બોર્ડે NOC આપી



આઈપીએલ ૨૦૨૬ માં સતત હારનો સામનો કરી રહેલી ત્રણ વખતની ચેમ્પિયન ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ માટે આખરે સારા સમાચાર આવ્યા છે. ટીમના સ્ટાર શ્રીલંકન ફાસ્ટ બોલર મથીશા પથિરાનાએ ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધો છે અને તેમને શ્રીલંકા ક્રિકેટ બોર્ડ તરફથી NOC પણ મળી ગયું છે.

KKR અત્યારે પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્થાને છે. ૪માંથી ૩ મેચમાં હાર અને એક મેચ વરસાદમાં ધોવાઈ જતાં ટીમના ફાળે માત્ર ૧ પોઈન્ટ છે. KKR ની મુખ્ય નબળાઈ ડેથ ઓવર્સમાં રન રોકવાની હતી. જો કે બ્રહ્માસ્ત્રની વાપસી થઇ ચુકી છે. પથિરાના પોતાની સચોટ યોર્કર અને સ્લોઅર બોલ માટે જાણીતો છે. તેની વાપસીથી KKRની બોલિંગ લાઇનઅપ મજબૂત બનશે.

રિપોર્ટ્સ મુજબ, પથિરાના ચેન્નઈમાં ટીમ સાથે જોડાઈ જશે. મંગળવારે (૧૪ એપ્રિલ) ચેન્નઈ સુપર કિંગ્સ સામે ચેપોક સ્ટેડિયમમાં KKRની ટક્કર થવાની છે. પથિરાના અગાઉ CSK તરફથી રમી ચૂક્યા છે, તેથી તેમને ચેપોકની પિચનો સારો અનુભવ છે, જે KKR માટે ગેમચેન્જર સાબિત થઈ શકે છે.

KKR એ હરાજીમાં પથિરાનાને ૧૮ કરોડ રૂપિયા જેવી મોટી રકમ ખર્ચીને ખરીદ્યો હતો. જોકે, T૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ દરમિયાન ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં ઈજાગ્રસ્ત થતા તેના રમવા પર સવાલો ઉઠ્યા હતા. હવે તેઓ સંપૂર્ણ ફિટ હોવાથી ફેન્સમાં ખુશીનો માહોલ છે. કેપ્ટન અજિંક્ય રહાણેની રણનીતિઓ પર સવાલો ઉઠી રહ્યા છે. ખાસ કરીને ૨૫.૨૦ કરોડમાં ખરીદાયેલા કેમેરોન ગ્રીન હજુ સુધી ફોર્મમાં આવ્યા નથી. હર્ષિત રાણા અને આકાશ દીપ જેવા બોલરો પહેલેથી જ બહાર હોવાથી પથિરાના પર ટીમની જીતનો મોટો દારૂમદાર રહેશે.

# UIDAI એ સુરતમાં અત્યાધુનિક આધાર સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું






**પ્રજા પંખ,**

**PIB Ahmedabad:** -યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ આજે તુલસી કૃપા આર્કેડ, પ્રથમ માળ, આઈ માતા સર્કલ પાસે- પુણા કુંભારિયા રોડ, પર્વત પાટિયા સુરત, ગુજરાત ખાતે નવા આધાર સેવા કેન્દ્ર (ASK) નું ઉદ્ઘાટન કર્યું છે, જે દેશભરમાં નાગરિક-મૈત્રીપૂર્ણ આધાર સેવાઓના વિસ્તરણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

આ કેન્દ્રનું ઉદ્ઘાટન રાજયસભાના માનનીય સભ્ય શ્રી ગોવિંદભાઈ લાલજીભાઈ ધોળકિયા અને SRKના મેનેજિંગ ડિરેક્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી લવકેશ ઠાકુર, DDG RO મુંબઈ; શ્રી રાજેશ કુમાર ગુપ્તા, ડાયરેક્ટર, સ્ટેટ ઓફિસ અમદાવાદ; શ્રી હરપ્રીત સિંઘ આનંદ, ચીફ HRઓફિસર; શ્રી અપૂર્વ ચૌધરી, ચીફ ઓફ સ્ટાફ અને પ્રોજેક્ટ હેડ ASK સહિતના વરિષ્ઠ અધિકારીઓ તેમજ કામગીરીનું સંચાલન કરતી લીડ એજન્સી Protean eGov Technologies Ltd ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

**મુખ્ય લાક્ષણિકતાઓ- આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર:** સુરતના તુલસી કૃપા આર્કેડ ખાતે સ્થિત, ASK અદ્યતન ટેકનોલોજી, પ્રશિક્ષિત સ્ટાફ અને સુવ્યવસ્થિત પ્રક્રિયાઓથી સજ્જ છે જેથી ઝડપી, પારદર્શક અને વિશ્વસનીય આધાર નોંધણી અને અપડેટ સેવાઓ પૂરી પાડી શકાય.

**નાગરિક-કેન્દ્રિત સુવિધાઓ:** વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ વ્યક્તિઓ, ગર્ભવતી મહિલાઓ માટે સમર્પિત કાઉન્ટર્સ અને માતાઓ માટે ફીડિંગ રૂમ સર્વસમાવેશકતા અને સુવિધા સુનિશ્ચિત કરે છે.

**ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (ખઇઁ):** (MBU): UIDAI એ ૫ અને ૧૫ વર્ષની ઉંમરે બાળકો માટે સમયસર બાયોમેટ્રિક અપડેટ્સ પર ભાર મૂક્યો હતો, અને વાલીઓ તથા શાળાઓને બેકલોગ ક્લિયર કરવા અને NEET તથા CUET જેવી શિષ્યવૃત્તિઓ અને પરીક્ષાઓમાં સીમલેસ પ્રવેશ સક્ષમ કરવા માટે મિશન મોડ અભિયાનને ટેકો આપવા વિનંતી કરી હતી.

**ડિજિટલ સુવિધા:** નાગરિકોને નોંધણી અને અપડેટ સ્લોટ બુક કરવા માટે UIDAIની ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સેવાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેથી પ્રતીક્ષાનો સમય ઘટે અને કાર્યક્ષમતા વધે. (https://bookappointment.uidai.gov.in/)

**દેશવ્યાપી વિસ્તરણ:** UIDAI સપ્ટેમ્બર-૨૦૨૬ સુધીમાં આધાર સેવા કેન્દ્રોની સંખ્યા ૮૮થી વધારીને ૪૭૩ કરવાની યોજના ધરાવે છે, જે દર બે જિલ્લામાં ઓછામાં ઓછું એક ફુલ-સર્વિસ સેન્ટર સુનિશ્ચિત કરશે. ગુજરાતમાં રાજકોટ, વડોદરા, ગાંધીનગર અને ભાવનગર સહિત ૨૨ જિલ્લાઓમાં નવા કેન્દ્રો સ્થાપવામાં આવશે.

**ઉદ્ઘાટનમાં સંબોધન-** શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ પારદર્શિતા અને સર્વસમાવેશકતા વધારવા માટે UIDAIના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને બાળકો માટે MBU ના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે સુરતના રહેવાસીઓને નવા આધાર કેન્દ્ર પર ઉપલબ્ધ સુવિધાનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી.

શ્રી લવકેશ ઠાકુરે આધારને એક સામાજિક કરાર ગણાવ્યો હતો, જે પાયાના સ્તરે સશક્તિકરણ, દસ્તાવેજોનું ડિજિટાઈઝેશન અને સીમલેસ ઓળખ ચકાસણીમાં તેની ભૂમિકાની પુષ્ટિ કરે છે. તેમણે છેવાડાના માનવી સુધી સેવાઓ પહોંચાડવા માટે દેશભરમાં ASK સેવાઓનો વિસ્તાર કરવાના UIDAIના વિઝન પર પણ ભાર મૂક્યો હતો. આ ઉદ્ઘાટન ડિજિટલી સશક્ત ભારત બનાવવા માટેની UIDAI ની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે, જે સુનિશ્ચિત કરે છે કે આધાર તમામ રહેવાસીઓ માટે વિશ્વાસપાત્ર, સમાવિષ્ટ અને સાર્વત્રિક ઓળખ પ્લેટફોર્મ બની રહે.

## ઉધનામાં ગાંધી પિતા-પુત્રની છેતરપિંડી

# બુટ્ટા કટિંગના જોબવર્ક બાદ રૂ. ૬૪.૭૫ લાખ બાકી રાખી ધમકી આપ્યાનો આક્ષેપ




**પ્રજા પંખ, સુરત-** સુરત પોલીસ કમિશનરશ્રીની પ્રેસ રિલીઝ દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ ઉધના વિસ્તારમાં કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલા બે કારખાનેદારો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી અને ધમકી આપ્યાનો ગંભીર મામલો સામે આવ્યો છે. ગાંધી પિતા-પુત્રએ બુટ્ટા કટિંગનું જોબવર્ક કરાવી કુલ રૂ.૬૪.૭૫ લાખની રકમ ચૂકવ્યા વગર ઉઘરાણી કરવા ગયેલા કારખાનેદારોને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના આક્ષેપો સાથે ઉધના પોલીસ મથકે અલગ-અલગ ફરિયાદો નોંધાઈ છે.

પોલીસ સૂત્રો મુજબ, સચિન કનકપુર વિસ્તારમાં રહેતા અશોકભાઈ પરસોત્તમભાઈ પંચાલ, જે અશોક પી. પંચાલ ગ્રે બુટ્ટા કટિંગ સ્પેશિયાલિસ્ટ નામે કાર્યરત છે, તેમજ પાંડેસરા જીઆઈડીસીમાં જય અંબાજી બુટ્ટા કટિંગ ફર્મ ચલાવતા ભરતભાઈ સરલશાહ ગુપ્તા, બંને કાપડમાં ગ્રે બુટ્ટા કટિંગના જોબવર્ક સાથે સંકળાયેલા છે. આક્ષેપ મુજબ, ઉધના મુગટ ડાઈંગ કમ્પાઉન્ડ સ્થિત હરિઈચ્છા સોસાયટીમાં રામ ટેક્ષટાઈલ અને સાંઈનાથ સિન્થેટિક નામે ફર્મ ચલાવતા શ્રેયસ કેતનભાઈ ગાંધી અને તેમના પિતા કેતનભાઈ મનસુખભાઈ ગાંધી દ્વારા વર્ષ ૨૦૨૧ થી વિવિધ સમયગાળામાં બંને કારખાનેદારો પાસેથી બુટ્ટા કટિંગનું કામ કરાવવામાં આવ્યું હતું.

હિસાબ મુજબ, અશોકભાઈ પંચાલના રૂ. ૩૭,૯૮,૫૪૧ અને ભરતભાઈ ગુપ્તાના રૂ. ૨૬,૭૭,૨૨૮ એમ કુલ મળી રૂ.૬૪.૭૫ લાખ જેટલી રકમ બાકી નીકળે છે. આ રકમની ઉઘરાણી કરવા જતા કારખાનેદારોને આરોપીઓએ ગાળો આપી સ્પષ્ટ ઈનકાર કર્યો હતો અને હવે પછી ઉઘરાણી કરવા આવશો તો જીવતા પાછા નહીં જશો તેવી ગંભીર ધમકી પણ આપી હતી.

આ ઘટનાને લઈને બંને પીડિતોએ ઉધના પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગાંધી પિતા-પુત્ર વિરુદ્ધ બી. એન. એસ. ની કલમ ૩૧૮ (૪), ૩૫૨, ૩૫૧ (૩) તથા ૫૪ હેઠળ ગુનાઓ દાખલ કર્યા છે. સમગ્ર મામલે પીએસઆઈ એમ. કે. ઈશરાણી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ બનાવે ઉધના વિસ્તારના કાપડ ઉદ્યોગકારોમાં ચિંતા ફેલાવી છે અને વ્યવસાયિક વ્યવહારોમાં વિશ્વાસઘાતના બનાવો વધતા હોવા અંગે પ્રશ્નો ઊભા કર્યા છે.

# માંગરોળ તાલુકા પંચાયત સીટ માટે ૭૭ ઉમેદવારી ફોર્મ મંજુર તેમજ સુરત જિલ્લા પંચાયત સીટ માટે ૧૫ ફોર્મ મંજુર





**પ્રજા પંખ, મોટામિયા માંગરોલ :**આગામી તારીખ ૨૬/૪/૨૬ ના રોજ તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાનાર હોય જે અંતર્ગત માંગરોલ માં સુરત જિલ્લા પંચાયતની સીટ નાનીનરોલી, માંગરોલ, પીપોદરા, કોસંબા, ઝંખવાવ માટે ૧૫ ફોર્મ તેમજ માંગરોળ તાલુકા પંચાયતની સીટ માટે ૭૭ ઉમેદવારી ફોર્મ માંગરોળ મામલતદાર કચેરી તેમજ તાલુકા પંચાયત કચેરી ખાતે ચકાસણી કરવામાં આવેલ હતા. જિલ્લા પંચાયત ચૂંટણી અધિકારી એચ ડી કાછડ સાહેબ, તાલુકા પંચાયત મતદાર વિભાગ મામલતદાર ડો. એચ. વી. ચાવડા સાહેબ તાલુકા પંચાયત મતદાર વિભાગ તાલુકા વિકાસ અધિકારી, હરદીપસિંહ ધરીયા સાહેબ નાયબ મામલતદાર ચૂંટણી હરપાલસિંહ બારદ, પંકજભાઈ ચૌધરી, પ્રિતમભાઈ પરમાર, રાગિણીબેન ગામીત, તેમજ તેઓના સ્ટાફની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયતના કુલ૧૫, અને તાલુકા પંચાયતના કુલ ૭૭ ફોર્મ ઉમેદવારો ની હાજરી માં ચકાસી મંજુર કરવામાં આવેલા હતા.

કચેરી ના ગેટ ઉપર પોલીસ સ્ટાફ દ્વારા પણ ખૂબ સારો બંદોબસ્ત ગોઠવવામાં આવેલ તેમજ આગામી તારીખ ૧૫/૪/૨૬ બુધવારના રોજ બપોરે ૨ કલાકથી પ્રિસાઇડિંગ ઓફિસર આસિસ્ટન્ટ પ્રિસાડિંગ ઓફિસર ઝોનલ ઓફિસર આસિસ્ટન્ટ જોનલ ઓફિસર ની તાલીમ સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલ ખાતે રાખવામાં આવેલ છે.

# વડોદરાના સમામાં પુનમ નગર ચાર રસ્તા નજીક લક્ઝરી બસની ટક્કર વાગતા મંદિરનો શેડ ધરાશાયી, મહિલાનો બચાવ






**બસના ડ્રાઇવરને ઝોકું આવી જતા બસ રોડ પરના એક મંદિર નાખશે શેડ સાથે ભટકાઈ હતી.**

વડોદરાના સમા વિસ્તારમાં આજે સવારે અકસ્માતના એક બનેલા બનાવમાં મંદિરનો શેડ તૂટી પડ્યો હતો. જે દરમિયાન મંદિરમાં પૂજા કરતી એક મહિલાનો બચાવ થયો હતો.

સમા પુનમનગર ચાર રસ્તા પાસે ગાયત્રી પાર્ક નજીક આજે સવારે એક ખાનગી કંપનીની બસ કર્મચારીઓને લઈને ઓફિસે જઈ રહી હતી ત્યારે બસના ડ્રાઇવરને ઝોકું આવી જતા બસ રોડ પરના એક મંદિર નાખશે શેડ સાથે ભટકાઈ હતી. આ સાથે ધડાકાભેર શેડ ધારાશાયી થઈ જતા મંદિરને નુકસાન થયું હતું. બનાવને પગલે લોકો ભેગા થઈ ગયા હતા અને કાટમાળ ખસેડવાની કામગીરી કરી હતી. ડ્રાઇવરે તેના માલિકને બોલાવી લીધા હતા અને પોતાની ભૂલ થયાની કબુલાત કરી હતી. પોલીસે પણ આ બનાવની માહિતી મેળવી હતી.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ

## ૨૯૭ પોલીસ અધિકારી- કર્મચારીઓ અને હોમગાર્ડ્ઝના જવાનોને તાલીમબદ્ધ કરાયા



**પ્રજા પંખ, સુરત-** આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ શાંતિપૂર્ણ, નિષ્પક્ષ માહોલમાં યોજાય તે હેતુથી પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી (વહીવટ અને મુ. મ.) ના માર્ગદર્શન હેઠળ પોલીસ તાલીમ કેન્દ્ર, પોલીસ મુખ્ય મથક ખાતે ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ હતી.

જેમાં ૨૯૭ પોલીસ અધિકારી- કર્મચારીઓ અને હોમગાર્ડ્ઝના જવાનોને તાલીમબદ્ધ કરાયા હતા. તાલીમ કાર્યક્રમમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી, આચારસંહિતાનુંપાલન, મતદાન મથકોની સુરક્ષા અને આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટેની વ્યુહરચના અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**તાલીમ કાર્યક્રમમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી, આચારસંહિતાનું પાલન, મતદાન મથકોની સુરક્ષા અને આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટેની વ્યુહરચના અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.**

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણી-૨૦૨૬

# ચાર કે તેથી વધુ વ્યક્તિઓ પર ભેગા થવા, સભા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ: અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું



**લગ્નના વરઘોડા, સિનેમા, ટાઉનહોલમાં, સ્મશાન યાત્રા, એસટી બસ, રેલ્વેમાં મુસાફરી કરતા, મંદિર મસ્જિદમાં પ્રાર્થના માટેના જતી વ્યક્તિઓ કે કામકાજના સ્થળે કામ કરતી વ્યક્તિઓને લાગુ પડશે નહી.**

**પ્રજા પંખ, સુરતઃ**-રાજય ચૂંટણી આયોગ દ્વારા મહાનગર પાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની ખાલી જગ્યાઓ માટેની પેટા ચૂંટણી-૨૦૨૬ નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા. ૨૬/૪/૨૦૨૬ ના રોજ મતદાન અને તા. ૨૮/૪/૨૦૨૬ ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિજય રબારીએ એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાય) સુરત જિલ્લાનાં વિસ્તારમાં સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા, સભા કરવા કે બોલાવવા, સરઘસ કાઢવા, સરઘસના આયોજન પર, ઉમેદવાર ઉમેદવારી પત્ર ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારી કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવા, એકપક્ષી સભા યોજી હોય તેવા સ્થળે બીજા પક્ષે સરઘસ લઈ જવા કે ખલેલ પહોંચાડવા પર, ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદાઓ આધીન ધ્વજ ,બેનર્સ કે કટ આઉટ રાખવા પર કે આ સરઘસમાં પક્ષ દ્વારા પૂરા પાડેલ ટોપી, માસ્ક સિવાય સાડી, શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

સાથે મતદાન પૂરું થવાના કલાક સાથે ૪૮ કલાકના સમયગાળા દરમિયાન ઘેર ઘેર ચૂંટણી પ્રચાર માટે એક સાથે પાંચથી વધુ વ્યકતિના જવા પર, ચૂંટણી પ્રચાર પક્ષના કાર્યકરો નેતાઓ જેના પર પક્ષનું પ્રતિક હોય તેવા બેનર પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ હુકમ લગ્નના વરઘોડા, સિનેમા, ટાઉનહોલમાં, સ્મશાન યાત્રા, એસટી બસ, રેલ્વેમાં મુસાફરી કરતા, મંદિર મસ્જિદમાં પ્રાર્થના માટેના જતી વ્યક્તિઓ કે કામકાજના સ્થળે કામ કરતી વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો તા. ૨૮/૪/૨૦૨૬ સુધી અમલ કરાશે. તેનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પ્રજા પંખ
સત્યમેવ જયતે

## પ્રજાપંખ

ગુજરાતી સાપ્તાહિક- સુરત

**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

**લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝ્ડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....**



Praja Pankh
prajapankh
YouTube prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com

**સંપર્ક**

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

# 'સ્વચ્છતા સર્વેક્ષણ અભિયાનમાં RCC સચીનની અનોખી પહેલ'- એક બોટલ -એક ઉકેલ

## પ્લાસ્ટિકને કચરાપેટીમાં નહી, બોટલમાં સંગ્રહ કરો-જનજાગૃતિ અપીલ

## ગૌમાતા તથા અન્ય નિર્વચન પ્રાણીઓના પેટમાં મોટી માત્રામાં પ્લાસ્ટિક મળવાના ચોકાવનારા કિસ્સાઓ









**પ્રજા પંખ, સચીનઃ-** સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રતિબદ્ધ રોટરી કોમ્યુનિટી કોર્પ્સ (RCC) સચીન દ્વારા એક અનોખી અને ઉપયોગી પહેલ શરૂ કરવામાં આવી છે. સચીન વિસ્તારના તમામ નગરજનોને સ્વચ્છતા અભિયાનમાં જોડાવવા RCC સચીન દ્વારા એક હૃદયસ્પર્શી જાહેર અપીલ કરવામાં આવે છે. તાજેતરના સર્વે મુજબ ગૌમાતા તથા અન્ય નિર્વચન પ્રાણીઓના પેટમાં મોટી માણમાં પ્લાસ્ટિક મળવાના ચોકાવનારા કિસ્સાઓ સામે આવ્યા છે. આપણા રોજિંદા જીવનમાં વપરાતી પ્લાસ્ટિકની નાની-મોટી કોથળીઓ જેમ કે દૂધ. તેલ, નાસ્તા, કરિયાણા વગેરે ઉપયોગ બાદ અયોગ્ય રીતે ફેંકી દેવામાં આવે છે, જેનાથી આ નિર્દોષ પ્રાણીઓના જીવનને ગંભીર જોખમ ઊભું થાય છે. RCC સચીન દ્વારા પ્રજાને વિનંતી કરવામાં આવે છે કે, આપણે આપણા દૈનિક જીવનમાં માત્ર એક નાનો ફેરફાર કરીને આ સમસ્યાનો પ્લાસ્ટિકની કોથળીઓને કચરાપેટીમાં સીધી ફેંકવાના બદલે, એક ખાલી મોટો ઉકેલ લાવી શકીએ છીએ. પ્લાસ્ટિક બોટલમાં ભેગી કરીને સંગ્રહ કરો. દરેક ઘર કે ઓફિસમાં રોજબરોજ થતી પ્લાસ્ટિકની વપરાશને ધ્યાનમાં લેતા, માત્ર એક અઠવાડિયામાં એક બોટલ સરળતાથી ભરાઈ શકે છે.

ત્યારબાદ તે બોટલને ઢાંકણ બંધ કરીને કચરાપેટીમાં કે કચરાના વાહનમાં નાખવાથી પ્લાસ્ટિક ફેલાતું નથી અને પ્રાણીઓ દ્વારા ખાવાની શક્યતા પણ ઘટે છે. આ પહેલના મુખ્ય ફાયદાઓ:ગૌમાતા અને અન્ય પ્રાણીઓના જીવનનું રક્ષણ. પર્યાવરણ પ્રદૂષણમાં ઘટાડો, કચરાના સંચાલનમાં સરળતા, સફાઈકર્મીઓ માટે કાર્ય વધુ સુગમ બનવું. RCC સચીન માને છે કે, પરિવર્તન એક વ્યક્તિથી શરૂ થાય છે. જો આપ આજે તમારા ઘર કે ઓફિસમાં આ નાની શરૂઆત કરશો, તો સમાજમાં તેનો સકારાત્મક પ્રભાવ નિશ્ચિતપણે જોવા મળશે.

અમે શરૂઆત કરી છો હવે તમારો વારો છે. સ્વચ્છ, સુરક્ષિત અને સંવેદનશીલ સચીન બનાવવા માટે સહુ નગરજનોને આ અભિયાનમાં જોડાવા RCC સચીન કનકપુરના ચેરમેન પ્રકાશ ભાવસાર, પ્રેસિડેન્ટ ધનસુખ પટેલ, સેક્રેટરી વિજયકુમાર ટેલર, કોષાધ્યક્ષ મોહનલાલ સોની પ્રોજેક્ટ ડિરેક્ટર પવન જૈન. મહેશ પટેલ મનીષ પટેલ તેમજ સમગ્ર આરસીસી પરિવાર હાર્દિક અપીલ કરે છે.

# સચિન વેપારી એસોસિયેશનનો અનોખો સેવાયજ્ઞઃ ૭૫૦ ગૌમાતાને ફળાહારનો ભોગ

## ચૈત્ર માસની અષ્ટમી નિમિત્તે ૧૫૦૦ કિલો તરબૂચ અને ૧૦૬ કિલો કાકડીથી ગૌસેવા... માનવતા અને સંસ્કૃતિનો સુંદર સંગમ





**પ્રજા પંખ, સચિનઃ** તા. ૧૦/૦૪/૨૦૨૬, ચૈત્ર માસની પવિત્ર અષ્ટમીના શુભ અવસર પર સચિન વેપારી એસોસિયેશન દ્વારા શ્રી સુરત પાંજરાપોળ (ભેસ્તાન) ખાતે એક અનોખી અને પ્રશંસનીય સેવાકીય પ્રવૃત્તિ યોજાઈ હતી. આ પ્રસંગે આશરે ૭૫૦ ગૌમાતાને ૧૫૦૦ કિલો તરબૂચ અને ૧૦૬ કિલો કાકડીનો પૌષ્ટિક ભોગ ધરાવવામાં આવ્યો હતો.

આ સેવાયજ્ઞ માત્ર એક ધાર્મિક વિધિ નહીં પરંતુ માનવતા, કરુણા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની શ્રદ્ધાનો જીવંત ઉદાહરણ બની રહ્યો છે. ગૌમાતા આપણા ધર્મ અને સંસ્કૃતિમાં માતા સમાન પૂજનીય સ્થાન ધરાવે છે, અને તેમની સેવા કરવી એ અતિ પવિત્ર કાર્ય માનવામાં આવે છે. કહેવાય છે કે ગૌસેવા દ્વારા માનવના અનેક પાપોનો નાશ થાય છે અને પુણ્યનું સંગ્રહ થાય છે.

સચિન વેપારી એસોસિયેશનના સર્વે સભ્યો અને દાતાશ્રીઓએ તન, મન અને ધનથી આ કાર્યમાં સહભાગી બની એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વેપારી મંડળના પદાધિકારીઓએ આ પવિત્ર કાર્યમાં જોડાયેલા તમામ સભ્યોનો દિલથી આભાર વ્યક્ત કર્યો અને અભિનંદન પાઠવ્યા હતા.

આવી સેવાકીય પ્રવૃત્તિઓ સમાજમાં સકારાત્મક સંદેશ ફેલાવે છે, માનવતાને મજબૂત બનાવે છે અને નવી પેઢી માટે પ્રેરણારૂપ બને છે. અંતે ભગવાનને પ્રાર્થના કરવામાં આવી કે સહુને આવનારા સમયમાં પણ આવી સેવાઓ કરવા માટે શક્તિ અને પ્રેરણા મળે. કાર્યની સફળતામાં વિજય ભાઈ ટેલર. મહેશ ભાઈ પટેલ. પવન ભાઈ જૈન. હિતેષ ભાઈ સુપાકર. નવિન ભાઈ. સંજય ભાઈ ઠક્કર અને અનેક વેપારી મિત્રોનો સહકાર રહ્યો.

# ભરૂચ આરસીસી કોન્ફરન્સમાં RCC સચીન કનકપુરની સેવાકીય કામગીરીના વખાણ

## વિવિધ સામાજિક પ્રોજેક્ટોની રજૂઆતને તાળીઓથી વધાવાઈ









**પ્રજા પંખ, સુરતઃ** ભરૂચ ખાતે યોજાયેલ રોટરી આરસીસી ૩૦૬૦ કોન્ફરન્સમાં અન્ય આરસીસી ની જેમ છઈઈ સચીન કનકપુર દ્વારા પણ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન થયેલી સેવાકીય કામગીરી રજૂ કરવામાં આવી, જેને ઉપસ્થિત મહાનુભાવો અને રોટરી આગેવાનો દ્વારા તાળીઓથી વધાવી લેવામાં આવી.

સંસ્થા ચેરમેન પ્રકાશ ભાવસારએ જણાવ્યું કે ૨૦૨૦ થી સંસ્થા સમાજના અંતિમ માનવી સુધી સેવા પહોંચાડવા ના ધ્યેય સાથે કાર્યરત છે. ગત વર્ષ દરમિયાન આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા, પર્યાવરણ અને માનવ સેવા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી, જેમાં રક્તદાન કેમ્પ, નેત્ર કેમ્પ, લાજપોર જેલમાં સુવિધાઓ, ગરીબોને ધાબળા વિતરણ, સેફ્ટી બેલ્ટ વિતરણ, યોગ વર્ગો તેમજ વિવિધ જાગૃતિ કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

સંસ્થાએ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, વૃક્ષારોપણ અને -એક બોટલ એક ઉકેલ જેવી પહેલ દ્વારા પર્યાવરણ જાગૃતિ ફેલાવી છે. સાથે જ સાંસ્કૃતિક કાર્યક્રમો અને નશા મુક્ત ભારત અભિયાન દ્વારા સમાજમાં સકારાત્મક સંદેશ આપવામાં આવ્યો છે.

આ તમામ કાર્યો ટીમના એકતાભાવ અને સમાજના સહયોગથી શક્ય બન્યા હોવાનું જણાવાયું અને ભવિષ્યમાં વધુ ઉત્સાહ સાથે સેવા કાર્ય ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી. વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન પ્રેસિડેન્ટ ધનસુખ પટેલ, સેક્રેટરી વિજય ટેલર, જોઇન્ટ સેક્રેટરી અમિત શર્મા અને મહેશ પટેલ, કોષાધ્યક્ષ મોહનલાલ સોની, એડિટર મનીષ પટેલ, ઉપપ્રમુખ લક્ષ્મણ પાટીલ અને પ્રકાશ મોર્યા સહિત સમગ્ર ટીમના સહયોગથી સંસ્થાએ નોંધપાત્ર કામગીરી કરી છે.

Rotary Club of Bombay
Celebrating 97 Years of Service
DISTRICT 3141
INDIA HUMANITY FOUNDATION

પ્રોજેક્ટ ડિગ્નિટી

**દિવ્યાંગોને ટેકો આપવા માટે મફત જયપુર ફૂટ, કેલિપર્સ કેમ્પનું આયોજન**

📍 **સ્થળ:** **તારીખ: 23, 24, 25 એપ્રિલ ૨૦૨૬**
**જૈન હેલ્થ સેન્ટર**
**શ્રી વિદ્યાસુધા જૈન ભવન** **સમય: સવારે ૯:૩૦**
**સેન્ટ્રલ બિઝનેસ મોલ નજીક**
**હોટેલ સુરત મેરિયોટ રોડ**
**પાર્લે પોઈન્ટ સુરત**
📞 **સંપર્ક:** **૯૩૭૭૨ ૮૩૦૦૦**
**પ્રોજેક્ટ ચેરમેન: રોટ. ગૌતમ પટેલ**
📞 **૯૮૭૯૭ ૯૨૭૪૫**



આ શિબિરમાં, દિવ્યાંગોને જયપુર ફૂટ/પ્રોસ્ટેટિક હાથ આપવામાં આવશે, અને પોલિયોગ્રસ્તોને કેલિપર્સ મફતમાં આપવામાં આવશે. આ શિબિરમાં, દિવ્યાંગોને જયપુર ફૂટ/પ્રોસ્ટેટિક હાથ આપવામાં આવશે, અને પોલિયોગ્રસ્તોને કેલિપર્સ મફતમાં આપવામાં આવશે. નોંધણી માટે તાત્કાલિક ફોન કરો: **નામ અટક**📞

બહેનોની ચિંતા: India Humanity Foundation
સહકારી સંસ્થા: Mahavir Seva Sadan
ચાલો આપણે આપણા અપંગ ભાઈ-બહેનોની પડખે ઊભા રહીએ.

Rotary Club of Tapi Surat
Rotary Club of Surat Seaface
Rotary Club of Udhna
Rotary Club of Surat West

# સચિનમાં રમત અને એકતાનું પ્રતિક, ભરવાડ સમાજનો નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ પૂર્ણ

# લોકપ્રિય ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈએ ટોસ કરી ફાઇનલ મેચનો શુભારંભ કર્યો

## કાનજીભાઈ દાનાભાઇ ભડિયાદરાની વીરવાસુંગી ટીમ ચેમ્પિયન, જયારે કૃષ્ણા-ઇલેવન રનર- અપ...





**પ્રજા પંખ સુરત/સચિનઃ-** સુરતના સચિન વિસ્તારમાં સમસ્ત સચિન ભરવાડ સમાજ દ્વારા આયોજિત નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનો રવિવારે ફાઇનલ મેચ સાથે સફળ સમાપન થયું. આ ટૂર્નામેન્ટ ૪ એપ્રિલથી શરૂ થઈ ૧૨ એપ્રિલ સુધી ચાલી હતી. જેમાં ભરવાડ સમાજના યુવાનો અને ક્રિકેટ પ્રેમીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રવિવારે રમાયેલા ફાઇનલ મુકાબલામાં મુખ્ય અતિથિ તરીકે સુરતના લોકપ્રિય ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ટોસ કરીને ફાઇનલ મેચનો શુભારંભ કરાવ્યો અને ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું.

ફાઇનલ મુકાબલામાં સમાજ અગ્રણી અને પૂર્વ નગરસેવક કાનજીભાઈની ટીમે શાનદાર પ્રદર્શન કરીને વીરવાસુંગી ટીમના નામે ચેમ્પિયન બનવાનો ગૌરવ પ્રાપ્ત કર્યો. જયારે કૃષ્ણા-ઇલેવન ટીમ રનર-અપ રહી હતી. ટૂર્નામેન્ટના સમાપન પ્રસંગે તમામ મુખ્ય મહેમાનો હસ્તે પુરસ્કાર આપી ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાજના સભ્યોએ જણાવ્યું કે આવા આયોજનો દ્વારા યુવાનોમાં રમતગમત પ્રત્યે રસ વધે છે અને સમાજમાં એકતા તથા ભાઈચારાની ભાવના મજબૂત બને છે. ટૂર્નામેન્ટ દરમિયાન મોટી સંખ્યામાં લોકોએ મેચોનો આનંદ માણ્યો હતો. પ્રસંગને અનુરૂપ વીરવાસુંગી ટીમના ઓનર કાનજી ભાઈ દાનાભાઇ ભડિયાદરા એ જણાવ્યું કે, આધુનિક સુવિધાઓથી સજ્જ ડો. રણજીતસિંહ વાંસીયા ડે-નાઈટ ક્રિકેટ ગ્રાઉન્ડ પર યોજાયેલી અમારી ભરવાડ સમાજની ટૂર્નામેન્ટમાં સ્થાનિક અમારા ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને રમતગમતનો ઉત્તમ માહોલ સર્જ્યો હતો. મારા ટીમના કેપ્ટન સુરેશ ભડિયાદરાએ પોતાના રમતની સૂઝબૂઝથી ટીમને યશ અપાવ્યો તેને અને ખેલાડીઓને અભિનંદન.

**મેચનો સંક્ષિપ્ત અહેવાલ જોઈએ તો -**
**ફાઇનલ મેન ઓફ ધ મેચઃ** સતીયા રાકેશ- ૨૧ બોલમાં શાનદાર ૫૮ રન ૨ ઓવરમાં ૩૮ રન આપી ૧ વિકેટ
**સિરીઝનો શ્રેષ્ઠ બેટ્સમેનઃ** સતીયા રાકેશ -કુલ ૧૨૪ રન
**સિરીઝનો શ્રેષ્ઠ બોલરઃ** રાકેશ સતીયા -૯ વિકેટ
**મેન ઓફ ધ સિરીઝઃ** સતીયા રાકેશ
**ટીમ સ્કોરઃ**
**વીરવાસુંગી** XI: ૮ ઓવરમાં ૧૪૩/૩
**કૃષ્ણા** XI: ૮ ઓવરમાં ૧૧૨/૨
**પરિણામઃ** વીરવાસુંગી XI એ ૩૧ રનથી જીત મેળવી

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230